This booklet contains **20** pages.
इस पुस्तिका में **20** पृष्ठ हैं ।

# JP-1-06

**PAPER I / प्रश्न-पत्र I**
**Gujarati Language Supplement**
**गुजराती भाषा परिशिष्ट**
**PART IV & V / भाग IV & V**

**Test Booklet Code**
**परीक्षा पुस्तिका संकेत**

# A

**Test Booklet No.**
**परीक्षा पुस्तिका संख्या**

**315329**

**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**

**For instructions in Gujarati see Page 2 of this Booklet. / गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें ।**

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Blue / Black Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **A**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

## *परीक्षार्थियों के लिए निर्देश*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग **IV** (भाषा I) **या** भाग **V** (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल नीले/काले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत है A** । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

SEAL

Name of the Candidate (in Capitals) : ____________________
परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) :

Roll Number : in figures ____________________
अनुक्रमांक : (अंकों में)
: in words ____________________
: (शब्दों में)

Centre of Examination (in Capitals) :
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________

Candidate's Signature :
परीक्षार्थी के हस्ताक्षर : ____________________

Invigilator's Signature :
निरीक्षक के हस्ताक्षर : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

આ પુસ્તિકામાં 20 પાનાં છે.

# JP-1-06

પરીક્ષા પુસ્તિકા સંકેત

**A**

## પેપર I
## ગુજરાતી ભાષા પરિશિષ્ટ
## ભાગ IV & V

**આ પરીક્ષા પુસ્તિકાને કહેવા પહેલા ખોલવું નહિ.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થિયો માટે દિશા નિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લૂ/કાળા બૉલ પોઈંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે A. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ સૂચિત કરે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I – (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II – (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપને ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચીમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરવો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમાંક : અંકોમાં ____________________

: શબ્દોમાં ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of

Centre Superintendent ____________________

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જ્યારે તેમણે ભાષા – Iનો વિકલ્પ ગુજરાતી પસંદ કર્યો હોય.

## ભાગ IV
## ભાષા I
## ગુજરાતી

**સૂચના :** નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય પર્યાય શોધીને લખો : (પ્રશ્નો **91** થી **99**)

એક રાજા અને એક મહાત્મા હતા. બન્ને વચ્ચે બાળપણથી જ પાકી દોસ્તી હતી. મહાત્મા તો દુનિયાભરમાં ભ્રમણ કરે. એક વખત તેઓ રાજાના નગરમાં આવી ચડ્યા. રાજાની મુલાકાત થઈ. અલકમલકની વાતો થઈ. વાતવાતમાં દોસ્તીદાવે રાજાએ ઉત્સુકતાથી પૂછ્યું, "અરે યાર, તું આટલો દેશ-વિદેશ ફરી આવ્યો તો તારા આ લંગોટિયા દોસ્ત માટે કોઈ ભેટ લાવ્યો છે કે નહિ ?"

મહાત્માએ હસીને કહ્યું, "મારા ભ્રમણ દરમિયાન મેં ઘણી એક એકથી ચડી જાય એવી સુંદર અને નમૂનેદાર વસ્તુઓ જોઈ. તું યાદ પણ આવ્યો પણ પછી થયું કે તું તો આટલો મોટો રાજા ! તારે વળી શેની ખોટ હોય ?"

પોતાની સમૃદ્ધિનો ગર્વ કરતાં રાજાએ કહ્યું, "તારી વાત તદ્દન સાચી છે. મારો ખજાનો સોનામહોરોથી છલકાય છે. જગતભરની અદ્વિતીય, કિંમતી ચીજો મારા મહેલમાં છે. ભૌતિક ચીજોની કોઈ કમી નથી. વૈભવી વસ્તુઓ માગું ત્યાં હાજર થઈ જાય છે. તેથી આટઆટલી ધનદોલત હોય પછી શી ચીજની ખોટ હોય ?"

મિત્રની સત્તા અને સંપત્તિનો કેફ પારખીને મહાત્માએ કહ્યું, "હું જાણતો જ હતો કે તારી પાસે અઢળક સંપત્તિ અને બેનમૂન ચીજો છે. આમ છતાં હું તારે માટે એક નાનકડી ભેટ લાવ્યો છું ખરો. આશા છે તને એ ગમશે !"

આમ કહી મહાત્માએ પોતાના થેલામાંથી એક અરીસો કાઢીને રાજાને આપ્યો. રાજાને આ જોઈ ભારે નવાઈ લાગી. તેણે મહાત્માને પૂછ્યું, "આ ભેટનો અર્થ શું ?"

મહાત્માએ કહ્યું, "બહારની ભૌતિક દુનિયાની તમામ ચીજો તારી પાસે છે, પણ અરીસો નથી અર્થાત તારી જાતને જોઈ શકાય એવું કશું તારી પાસે નથી. ભૌતિક વૈભવની વચ્ચે અભિમાન જેવી ભીતરની વૃત્તિઓ નહિ દેખાય. આ અરીસામાં જ તું તારા અંતરના પ્રતિબિંબને બરાબર નિહાળી શકીશ. આંખ બરાબર ખોલીને જો. દેખાય છે કંઈ તને ?"

રાજા તરત જ મહાત્માનો સંકેત પામી ગયો. પોતાની મર્યાદાઓ અને નબળાઈઓનું સ્વમૂલ્યાંકન કરતા રહેવું એટલે અરીસામાં પોતાની જાતને બરાબર નિહાળવી. નબળાઈઓને જ શા માટે ? સિદ્ધિઓ અને ક્ષમતાઓને પણ આ અરીસામાં નિહાળવી એ જ વધુ ને વધુ બહેતર બનવાનો સચોટ માર્ગ છે.

**91.** મહાત્મા રાજા માટે કોઈ ભેટ લાવ્યા નહિ કારણ કે

(1) રાજા પાસે બધું જ હતું.

(2) રાજાને મહાત્માએ લાવેલી ભેટની કોઈ કિંમત નથી.

(3) રાજાને શેનીયે ખોટ નથી અને વસ્તુ કરતાં લાગણીની કિંમત વધુ છે.

(4) મહાત્મા જાણતા હતા કે રાજાને તેણે લાવેલી વસ્તુ તુચ્છ લાગશે.

92. મહાત્માએ ભૌતિક વૈભવની વાત કરી રાજાના...
(1) કલાગુણને જગાડ્યો.
(2) ક્ષમતાઓને જગાડી.
(3) અભિમાનને જગાડ્યું.
(4) આત્મસન્માનને જગાડ્યું.

93. રાજાને કેફ હતો
(1) સત્તા, સંપત્તિ અને વૈભવી વસ્તુઓનો
(2) વધુ ને વધુ સંપત્તિ વધારવાનો
(3) રાજ્યની સીમા વધારવાનો
(4) નમૂનેદાર વસ્તુઓ ભેગી કરવાનો

94. મહાત્માએ રાજાને ભેટમાં અરીસો આપ્યો કારણ કે
(1) મહાત્મા ઈચ્છતા હતા કે રાજા રોજ પોતાનું પ્રતિબિંબ જોઈ તેને યાદ કરે.
(2) તેઓ રાજાને સ્વમૂલ્યાંકન કરાવી અભિમાન જેવી વૃત્તિ પર સંયમ રાખવાનું શીખવવા માગતા હતા.
(3) મહાત્મા રાજાને બતાવવા માગતા હતા કે ભેટની વસ્તુ નાની હોય કે મોટી તે અમૂલ્ય હોય છે.
(4) મહાત્મા રાજાને તેની ભીતરની વૃત્તિ બતાવવા માગતા હતા.

95. બહેતર બનવાનો સચોટ માર્ગ છે
(1) સિદ્ધિ અને ક્ષમતાઓને નિહાળી તેમાં રહેલી ક્ષતિઓને સુધારવી.
(2) સમૃદ્ધિમાં રચ્યાપચ્યા રહેવું.
(3) આંતરિક વૃત્તિને નિહાળવી.
(4) પોતાનું મૂલ્યાંકન કરવું.

96. 'હું તારે માટે એક ભેટ લાવું છું.' વાક્યનું પૂર્ણ વર્તમાનકાળ
(1) હું તારે માટે એક ભેટ લાવ્યો છે.
(2) મેં તારે માટે એક ભેટ લાવ્યો છું.
(3) હું તારે માટે એક ભેટ લાવ્યો.
(4) હું તારે માટે એક ભેટ લાવ્યો છું.

97. 'તારે વળી શેની ખોટ હોય.' એનો અર્થ
(1) તારે ઘણો નફો થાય તેવાં કામકાજ છે.
(2) તારે ત્યાં ખોટ જાય એવું ઘણું છે.
(3) તારે ત્યાં બધું જ છે. આરામથી ભોગવ.
(4) તારે ત્યાં કંઈ નથી એવું નથી.

98. કાચી નહિ એવી દોસ્તી
(1) છેતરાય નહિ તેવી દોસ્તી
(2) જલદીથી પાકી અને બગડી જાય તેવી દોસ્તી
(3) કામચલાઉ દોસ્તી
(4) મજબૂત, લાગણીથી ભરેલી દોસ્તી

99. અલકમલકની વાતો
(1) અહીં-તહીંની વાતો
(2) દેશ-વિદેશના ભ્રમણની વાતો
(3) અમુક-તમુકની વાતો
(4) અલક-ગંગા નદીની અને તેના પરિસરની વાતો

**સૂચના** : નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પમાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો : (પ્રશ્નો **100** થી **105**)

જીવન અંજલિ થાજો !

મારું જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો !

દીનદુ:ખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ના ધરાજો;

મારું જીવન અંજલિ થાજો !

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,

ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !

મારું જીવન અંજલિ થાજો !

વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;

હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !

મારું જીવન અંજલિ થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;

શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !

મારું જીવન અંજલિ થાજો !

**100.** સત્યનો માર્ગ

(1) સંકટોથી ભરેલો મુશ્કેલ હોય છે.

(2) સુંવાળો હોય છે.

(3) ખરબચડો હોય છે.

(4) સત્પુરુષો ચાલી શકે તેવો હોય છે.

**101.** કવિ ઈશ્વર પાસે માગે છે કે

(1) તેની ભક્તિ કરતાં રહે.

(2) સતત જપ-તપ કરતાં રહે ને મદદ કરે.

(3) તેનો શ્રદ્ધાભાવ અતૂટ રહે અને બીજાને મદદરૂપ થઈ શકે.

(4) તેની ભક્તિમાં કોઈ સંકટ ન આવે.

**102.** આ કાવ્યમાં જોવા મળે છે

(1) બીજાને મદદરૂપ થવાની ઈચ્છા

(2) પરમાર્થે જીવન ખરચી નાખવાની અભિલાષા અને સમર્પણની ભાવના

(3) ઈશ્વર તરફનો એકમાત્ર શ્રદ્ધાભાવ

(4) શ્રદ્ધાનો દીપક વારંવાર જલતો રહે તેવી ભાવના

**103.** 'વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો' એટલે

(1) વમળોમાં ફસાઈ જવું.

(2) કવિની નૈયા સ્થિર ન રહેવી.

(3) કવિને ફસાવાને કારણે કંઈ ન સૂઝવું.

(4) જીવનરૂપી નાવ મુશ્કેલીથી ઘેરાઈ જવી.

**104.** અંજલિ થવું એટલે

(1) મૃતકોને પાણી પાવું.

(2) યથાશક્તિ બીજાને માટે કંઈક કરી ઉપયોગમાં આવવું.

(3) યથાશક્તિ કંઈક ફાળો આપવો.

(4) યથાશક્તિ ખોબાથી કંઈક – કંઈક આપવું.

105. કવિની અંતરની ઈચ્છા છે કે

(1) તેઓ ભૂખ્યાંની ભૂખ સંતોષે.

(2) તેઓ તરસ્યાંની તરસ છિપાવે.

(3) તેઓ જરૂરત ન હોય તેને પણ ઉપયોગી થાય.

(4) તેઓ જરૂરતમંદોને કોઈપણ રીતે મદદ કરી ઉપયોગી થાય.

**સૂચના** : નીચે આપેલા વિકલ્પમાંથી યોગ્ય પર્યાય શોધીને લખો :

106. વાંચતી વખતે નીચેનામાંથી કોઈ એક વિદ્યાર્થીઓને વાક્યના કે પાઠનો આંતર સંબંધ સમજવામાં મદદરૂપ થાય છે :

(1) અવ્યયો

(2) સર્વનામો

(3) વિશેષ નામ

(4) વાક્યપ્રયોગ (Phrasal verbs)

107. નીચેનામાંથી કયું વાક્ય ખરું છે તે જણાવો : (વિચારો કે બસ પકડવા કોઈ દોડી રહ્યું છે.)

(1) દોડીને બસ પકડવા જતાં વૃદ્ધ માણસ લપસીને પડી ગયો.

(2) દોડીને બસ પકડવા જતાં વૃદ્ધનું પાકીટ ખિસ્સામાંથી પડી ગયું.

(3) દોડીને બસ પકડવા જતાં વૃદ્ધના ચહેરા પર પરસેવો આવી ગયો.

(4) દોડીને બસ પકડવા જતાં વૃદ્ધ ભાવિને ધિક્કારવા લાગ્યો.

108. નીચેનામાંથી એક સિવાયનાં બધાં વિધાનો શ્રવણ પ્રક્રિયાનો નિર્દેશ કરે છે :

(1) ધ્યાનપૂર્વક સાંભળવાથી વક્તા હવે શું બોલશે તેનો અંદાજ આવે છે.

(2) લોકો પોતાની પસંદગી મુજબનું વક્તવ્ય સાંભળે છે અને અણગમતા વક્તવ્યની ઉપેક્ષા કરે છે.

(3) સારા શ્રોતા બનવાની ક્ષમતા કોઈપણ જાતની તાલીમ વિના નૈસર્ગિક રીતે સાંપડે છે.

(4) પ્રત્યાયનનો અડધો હિસ્સો શ્રવણ દ્વારા સમજી શકાય છે.

109. 'ગોળ' શબ્દનું ઉચ્ચારણ શીખવતી વખતે તમે .....

(1) વિદ્યાર્થીઓને તેનો સમાનાર્થી શબ્દ પ્રયોજવા માટે પ્રોત્સાહિત કરશો.

(2) એનો અર્થ શોધી વર્ગમાં જણાવશો.

(3) ઉચ્ચારણ કોશનો ઉપયોગ કરી તે શબ્દ ધ્યાનથી સાંભળવા માટે વર્ગને કહેશો.

(4) વિદ્યાર્થીઓને જણાવશો કે આ પરભાષીય શબ્દ છે.

110. કોઈ વાર્તાના વિષય, શીર્ષક, પેટા-શીર્ષક અને દૃશ્ય માહિતીની મદદથી તે બાબતના વિષયનો ઉત્સુકતાથી વિચાર કરો.

આ વાચનપ્રવૃત્તિની ______ પ્રક્રિયા છે.

(1) દૃશ્યકરણની

(2) પદક્રમણની

(3) પૂર્વજ્ઞાનના ઉપયોગની

(4) અંદાજ લેવાની

**111.** રેસ્ટોરન્ટમાં થતી નીચેની ઉદ્‌ઘોષણાનો અભ્યાસ કરો અને તેમાં ક્યાં ભૂલ છે તે શોધી કાઢો :

1. અમારે ત્યાં સ્વાદિષ્ટ ભોજનની મજા માણો.
2. ઓર્ડર મુજબની વાનગીઓ બનાવી આપીશું.
3. આજની ખાસ વાનગી છે બાજરાનું શાક અને રીંગણનો ઓળો.

(1) પહેલા અને બીજા વાક્યમાં ભૂલ છે.

(2) પહેલા વાક્યમાં ભૂલ છે.

(3) પહેલા અને ત્રીજા વાક્યમાં ભૂલ છે.

(4) ફક્ત ત્રીજા વાક્યમાં ભૂલ છે.

**112.** ડિસ્કવરીના નિયમથી એવું સૂચિત થાય છે કે વ્યાકરણના વર્ગમાં .....

(1) વિદ્યાર્થી વ્યાકરણ આધારિત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થાય છે જેને લીધે પરસ્પર સહયોગની ઉપયોગિતા અંગે વિચારે છે.

(2) વિદ્યાર્થી સંખ્યાબંધ ઉદાહરણોના ઉપયોગ દ્વારા કેટલાક નિયમો તારવે છે.

(3) વિદ્યાર્થી કૃતિ પૂરી કરતી વખતે વ્યાકરણના નિયમો ગંભીરતાથી વિચારે છે.

(4) વિદ્યાર્થી દ્વારા વ્યાકરણગત ભૂલો ન થાય તે માટે શિક્ષકની મદદ મેળવે છે.

**113.** કાઈનેસ્થેટીક બુદ્ધિમતા (ઈન્ટલિજન્સ) એક એવી અધ્યયન ક્ષમતા છે જેમાં વિદ્યાર્થીઓ .....

(1) શ્રવણક્ષમતાનો ઉચ્ચ સ્તરીય વિકાસ કરીને ચિત્રોને બદલે શબ્દોના પરિપ્રેક્ષ્યમાં, સંદર્ભમાં વિચારવા પ્રેરાય છે.

(2) સંતુલનની કાળજી રાખીને હાથ-આંખના હલનચલન દ્વારા અભિવ્યક્તિ સાધે છે.

(3) સંગીતના સૂર, લય અને તાલ જેવા પરિમાણોના સંદર્ભમાં પ્રસ્તુતિ કરે છે.

(4) તાર્કિક અને સાંખ્યિક રચના અને માહિતીના ટુકડાઓને સાંકળીને વિભાવનાગત રીતે વિચારતા શીખે છે.

**114.** વિશિષ્ટ શૈક્ષણિક અભિયોગ્યતામાં (Specific academic aptitudes) વિદ્યાર્થીને કયું તારણ ઉપલબ્ધ કરાવે છે ?

(1) અનપેક્ષિત અને કયારેક અર્થહીન પ્રતિસાદ આપે છે.

(2) અન્યમાં રહેલી ક્ષમતાઓ અને કૌશલ્યને ઓળખી શકે છે.

(3) યોગ્ય શારીરિક સૌષ્ઠવ ધરાવે છે.

(4) રુચિક્ષેત્રમાં ધ્યાનગાળો લાંબો હોવાની પ્રતીતિ કરાવે છે.

115. પૂર્વ અનુભવના આધારે થતા સારા પ્રત્યાયનને શું કહેવાય છે ?

(1) વિભાવના નિર્ધારણ

(2) અધ્યયન પ્રક્રિયાનું સંક્રમણ (transfer of learning)

(3) પ્રશ્નોત્તરી પદ્ધતિ (ક્ષમતા)

(4) પ્રાત્યક્ષિક

116. કૌશલ્યના વિકાસમાં સ્વાંગ સજવાની પ્રક્રિયાનો ઉપયોગ કઈ શિક્ષક તાલીમ ટેકનીકમાં થાય છે ?

(1) પાઠ નિયોજન (lesson planning)

(2) દૃશ્ય-શ્રાવ્ય વિડિયો પ્રાત્યક્ષિક

(3) સૂક્ષ્મલક્ષી અધ્યાપન (micro-teaching)

(4) સારી પાઠનોંધ તૈયાર કરવી

117. લેખન પ્રક્રિયાના કયા તબક્કામાં મુક્ત લેખન (free writing), વિચારમંથન (brain storming), કલસ્ટરીંગ (clustering) અને આઈડિયા મેપીંગ (idea mapping) વધુ ઉપયોગી છે ?

(1) પૂર્વલેખન (prewriting)

(2) મુસદ્દાલેખન (drafting)

(3) રીવાઈઝીંગ (revising)

(4) પ્રૂફ રીડીંગ (proof reading)

118. નીચેના શબ્દો શું છે ?

બેદરકારી, આજે, મોટેથી, ધીમેથી, કાલે, અહીં, ગુસ્સાથી ક્યાંય પણ, ખુશીથી, પછી, બધે જ.

(1) નામ

(2) સહાયક

(3) ક્રિયાવિશેષણ

(4) સર્વનામ

119. લેખન પ્રક્રિયા નીચેનામાંથી કયા ક્રમમાં શ્રેષ્ઠ હોવી જોઈએ ?

(1) એકત્રીકરણ, ક્રમાંકન, મુસદ્દો, પુનર્મુસદ્દો

(2) એકત્રીકરણ, ક્રમાંકન, પુનર્મુસદ્દો, મુસદ્દો

(3) ક્રમાંકન, એકત્રીકરણ, મુસદ્દો, પુનર્મુસદ્દો

(4) મુસદ્દો, એકત્રીકરણ, ક્રમાંકન, પુનર્મુસદ્દો

120. ભાષાના વર્ગમાં વિદ્યાર્થીઓને સાહિત્ય ...

(1) કોઈપણ સાંસ્કૃતિક અભિમુખતા ઉપલબ્ધ કરાવતું નથી.

(2) ભાષાનું પ્રમાણભૂત વૈવિધ્ય સમજી શકતા નથી.

(3) જૂની ગુજરાતી શૈલીનો પરિચય થઈ શકતો નથી.

(4) અઘરી શબ્દાવલીની રજૂઆત.

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જ્યારે તેમણે ભાષા – IIનો વિકલ્પ ગુજરાતી પસંદ કર્યો હોય.

**ભાગ V**

**ભાષા II**

**ગુજરાતી**

**સૂચના :** નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો : (પ્રશ્નો **121** થી **129**)

**નાનકડા શંખલા**

સુનામીમાં, એક ગામમાં, એક મકાન તૂટી પડ્યું, અંદર રહેલાં પતિ-પત્ની મૃત્યુ પામ્યાં. બહાર રમવા ગયેલાં દીકરો-દીકરી બચી ગયાં. ભાઈ મોટો.

જેમ તેમ કરીને ગાડું ગબડે.

ગામમાં રમકડાંની એક દુકાન હતી. ભાઈ-બહેન રોજ ત્યાંથી જાય.

બહેનને એક રમકડું ગમી ગયેલું.

ભાઈ-બહેન દરિયા કિનારે ગયાં, રેતીમાંથી મળ્યા એટલા સરસ મોટા શંખલા-છીપલાં વગેરે ભેગાં કર્યાં. બન્નેએ પોતાના ખિસ્સામાં ભર્યાં. ગયા દુકાનમાં, રમકડું ખરીદવાના પૈસા તો હતા નહિ. એમણે ખિસ્સાં ઠાલવી દીધાં કાઉન્ટર પર. પૈસાને બદલે છીપલાં-શંખલા. દુકાનના માલિક આ બધો ખેલ જોયા કરે. રમકડું તો ખાસ્સું મોંઘું હતું. પણ બાળકોનું દિલ એ તોડવા માંગતા નહોતા. એમણે શંખલા-છીપલાં લઈ લીધાં. રમકડું આપી દીધું.

બાળકો વતન છોડીને પરદેશ કમાવા ગયા. વર્ષો વીતી ગયાં, ભાઈ-બહેન યુવાન થઈ ગયાં. હવે એમને બરોબર ખબર પડી ગઈ હતી કે પેલા રમકડાંની કિંમત તો ઘણી વધારે હતી, શંખલા-છીપલાંની તેઓની આગળ કશી વિસાત જ નહોતી !

વતનમાં પાછા આવ્યાં. દુકાનમાં ગયાં. વર્ષો પહેલાની વાત યાદ કરાવી. રમકડાંની સાચી કિંમત, વ્યાજ સાથે ચૂકવવા માટે જ દૂરથી આવ્યાની વાત એમણે દુકાનદારને કહી.

દુકાનદારે એ રકમ ના લીધી. એમણે કહ્યું, "તે સમયે તમારા બાળમનમાં તમારા શંખલા-છીપલાંનું મૂલ્ય અને રમકડાંનું મૂલ્ય સરખાં હતાં. કિંમત અલબત્ત, બન્નેની જુદી હતી. પણ જિંદગીમાં, કિંમત અગત્યની નથી, અગત્યનું મૂલ્ય છે. તમારી પાસે પણ જો કોઈક બાળક આમ મોંઘું રમકડું કે વસ્તુ લેવા આવે, એની પાસે પૂરતી કિંમત ના હોય. તો ના ન પાડતા."

**121.** બહેનને માટે ગમતું રમકડું ખરીદવા ભાઈએ

(1) મજૂરી કરી મેળવેલા બધા પૈસા આપ્યા.

(2) સરસ મજાનાં શંખલા-છીપલાં આપી કિંમત ચૂકવી.

(3) કંઈ જ આપ્યું નહિ.

(4) રમકડાંની દુકાનમાં મજૂરી કરી તેની કિંમત ચૂકવી.

**122.** દુકાનના માલિકે રમકડું આપ્યું કારણ કે

(1) દુકાનદારને ત્યાં ભાઈ નોકરી કરતો હતો.

(2) તેને તેની કિંમત મળી હતી.

(3) દુકાનદાર બાળકોનું દિલ તોડવા માગતો નહોતો.

(4) દુકાનદારને બાળકો વહાલાં હતાં.

**123.** દિલ તોડવું એટલે

(1) નારાજ કરવું

(2) અરુચિ બતાવવી

(3) દિલના ટુકડા કરવા

(4) ખુશી બતાવવી

**124.** ભાઈ-બહેન મોટાં થતાં તેઓને ભાન થયું કે

(1) દુકાનના માલિકને મળવું જોઈએ.

(2) રમકડું ઘણું જ મોંઘું હતું.

(3) રમકડાની કિંમત સામે શંખલા-છીપલાં તુચ્છ હતાં અને તેની કોઈ કિંમત નહોતી.

(4) રમકડાં અને છીપલાં કરતાં દુકાનના માલિકનું મન મોટું હતું. તે પ્રેમાળ હતા.

**125.** ભાઈ-બહેન વતનમાં આવ્યાં હતાં કારણ કે

(1) તેઓ રમકડાની સાચી કિંમત વ્યાજ સાથે ચૂકવી ઋણ ઉતારવા માગતા હતા.

(2) તેઓ દુકાનના માલિકનો આભાર માનવા માગતા હતા.

(3) તેઓ દુકાનના માલિકને રમકડાની તે વખતની કિંમત ચુકાવા માગતા હતા.

(4) તેઓ દુકાનના માલિકને પ્રેમથી મળવા માગતા હતા.

**126.** ચૂકવવું એટલે

(1) ભુલાવવું

(2) કંઈ બાકી ન રાખવું

(3) પતાવવું

(4) ખતમ કરવું

**127.** દુકાનદારે પૈસા ના લીધા કારણ કે

(1) દુકાનદારને પૈસાની કોઈ કિંમત નહોતી.

(2) બાળમાનસ સમજી શકતા દુકાનદાર તેઓને પ્રેમ કરતા હતા.

(3) બાળમાનસ સમજી શકતા દુકાનદાર તેઓને બાળમાનસ શીખવવા માગતા હતા.

(4) બાળમાનસ સમજી શકતા દુકાનદાર તેઓને જિંદગીનું મૂલ્ય સમજાવી બીજાને મદદરૂપ કેવી રીતે થવું તે બતાવવા માગતા હતા.

**128.** ભાઈ-બહેનનાં મા-બાપ મૃત્યુ પામ્યાં

(1) ધરતીકંપમાં

(2) બીમારીમાં

(3) અકસ્માતમાં

(4) સુનામીમાં

129. દુકાનદારે યુવાન ભાઈ-બહેનને શીખ આપી કે

(1) કોઈને મફતમાં કંઈ આપવું નહિ.

(2) બધાંને મદદરૂપ થવું.

(3) જિંદગીમાં કોઈને નિરાશ ન કરતાં તેને જોઈતી વસ્તુ આપી ખુશ કરવું અને તેની ખુશી જોઈ આપણે ખુશ થવું.

(4) આપણે ખુશ થવા બાળકોને ખુશ રાખવાં કંઈક આપવું.

**સૂચના :** નીચે આપેલ પરિચ્છેદ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પોમાંથી યોગ્ય પર્યાય શોધીને આપો : (પ્રશ્નો **130** થી **135**)

**ખાલી બૉક્સ**

આપણને આપણાં બાળકો પાસેથી ઘણું શીખવા મળતું હોય છે. થોડા વખત પહેલાંની આ વાત છે. ત્રણ વરસની દીકરીના હાથમાં સોનેરી રંગના ગિફ્ટ પેપરનો રોલ આવ્યો. એની પાસે એક નાનું બૉક્સ હતું. એના પર એ આ મોંઘો કાગળ વીંટવા માંડી. આ જોઈને એના પપ્પાને ગુસ્સો આવ્યો અને એને ખૂબ ધમકાવી.

આમ છતાં, બીજે દિવસે સવારે દીકરી ભેટ લઈને પપ્પા પાસે ગઈ અને કહ્યું : "ડેડી, આ તમારા માટે છે."

દીકરીના આવા વહાલભર્યા વર્તનથી એને આગલી સાંજે કરેલા વધારે પડતા ગુસ્સા બદલ પસ્તાવો થયો પણ એ નાનું બૉક્સ ખોલીને જોતાં એનો ફરી પિત્તો ગયો. મોટા અવાજે એણે કહ્યું, "તને એટલી પણ અક્કલ નથી કે કોઈને ખાલી બૉક્સ ભેટ ન અપાય."

એ નાની દીકરીએ આંખમાં આસું સાથે એમની સામે જોયું અને કહ્યું : "અરે ડેડી, બૉક્સ કાંઈ ખાલી નથી. એમાં તો મેં તમારા માટે ચૂમીઓ મૂકી છે."

પપ્પાનું હૈયું ભરાઈ આવ્યું. તેમણે દીકરીને વહાલથી પોતાની પાસે લઈ અને માફી માગી.

હવે, એ બૉક્સ કાયમ માટે એમના ઓશીકા પાસે રહે છે અને જીવનમાં જ્યારે પણ નિરાશા લાગે ત્યારે બૉક્સ ખોલીને એમાંથી એક ચૂમી કાઢી દીકરીના વહાલને યાદ કરી શાતા મેળવે છે.

130. દીકરીના પપ્પાનો ગુસ્સો ઉતરી ગયો કારણ કે

(1) દીકરીએ તેમને ભેટ આપી હતી.

(2) દીકરીના વહાલભર્યાં વર્તન અને પ્રેમાળ શબ્દથી તેઓ ખુશ થઈ ગયા.

(3) દીકરી તેમને ખૂબ વહાલી હતી.

(4) દીકરીની ભૂલ, મસ્તી ભૂલી જઈ તેને માફ કરી દીધી.

131. હૈયું ભરાઈ આવવું એટલે

(1) તીવ્ર વેદના થવી

(2) કંઈ કમી લાગવી

(3) દુઃખ કે લાગણીથી રડું રડું થઈ જવું

(4) બેચેની થવી

132. પપ્પા દીકરીએ આપેલું બૉક્સ કાયમ ઓશીકા પાસે રાખે છે કારણ કે

(1) બૉક્સમાંની ચૂમી દીકરીની યાદગીરી છે.

(2) બૉક્સમાંની ચૂમી તેમને જીવન જીવવાની પ્રેરણા અને શાતા આપે છે.

(3) બૉક્સમાંની ચૂમી તેને શાતા આપે છે.

(4) બૉક્સમાંની ચૂમી એને ગુસ્સો ન કરવાની શીખ આપે છે.

133. પિત્તો જવો એટલે

(1) ખૂબ ગુસ્સે થવું

(2) ગુસ્સો ચાલી જવો

(3) પિત્તની અસર ચાલી જવી

(4) પિત્ત ઊતરી જવું

134. ચૂમીઓથી ભરેલું બૉક્સ એટલે

(1) દીકરીનાં મસ્તી તોફાનથી ભરેલું બૉક્સ

(2) દીકરીનાં બાળપણના પ્રસંગથી ભરેલું બૉક્સ

(3) દીકરીની યાદ અને વહાલથી છલકાતું મઘમઘતું બૉક્સ

(4) દીકરીની યાદથી ભરેલું બૉક્સ

135. દીકરીના પપ્પાએ દીકરીને ધમકાવી કારણ કે

(1) દીકરીને બૉક્સ પર કાગળ વીંટાળતાં આવડતો નહોતો.

(2) દીકરીના પપ્પાએ કાગળ બીજી ગિફ્ટ માટે લાવ્યા હતા.

(3) દીકરી કાગળ બગાડતી હતી.

(4) દીકરીએ મોંઘો કાગળ બગાડી નાખ્યો અને પૈસા બરબાદ કર્યા.

**સૂચના** : નીચે આપેલા વિકલ્પમાંથી યોગ્ય પર્યાય શોધીને લખો :

136. આ વાચન પરીક્ષાને તમે કેટલા ગુણ આપશો ?

પ્ર. ધર્મશાલા ક્યાં આવેલું છે ?

ઉત્તર 1 : હિમાચલ પ્રદેશમાં

ઉત્તર 2 : ધર્મશાલા હિમાચલ પ્રદેશમાં આવેલું છે.

(1) ઉત્તર 2 માટે 2 ગુણ અને ઉત્તર 1 માટે 0 ગુણ

(2) ઉત્તર 1 માટે 1 ગુણ અને ઉત્તર 2 માટે 2 ગુણ

(3) ઉત્તર 1 માટે 2 ગુણ અને ઉત્તર 2 માટે 2 ગુણ

(4) ઉત્તર 2 માટે 1½ ગુણ અને ઉત્તર 1 માટે 1 ગુણ

137. વિસ્તૃત વાચન એટલે

(1) અપરિચિત શબ્દના અર્થનો અંદાજ લેવો.

(2) વિષયની સામાન્ય સમજ અને આનંદ માટે વાંચવું.

(3) મધ્યવર્તી વિચારની સમજણ માટે વાંચવું.

(4) પાઠના સમગ્ર વિષયવસ્તુ અંગેની ધારણા બાંધવી.

138. શ્રવણ કૌશલ્યની તપાસણી માટે શિક્ષક એક પ્રવૃત્તિ તૈયાર કરે છે. તો આ તપાસણી શેના પર આધારિત હોઈ શકે ?

(1) વિદ્યાર્થીઓએ ભજવાતા દૃશ્યનું અર્થઘટન કરવું.

(2) ટૂંકી ફિલ્મ જોઈને તેની સમીક્ષા કરવી.

(3) ધ્વનિમુદ્રણ સાંભળીને કોષ્ટક તૈયાર કરવું.

(4) વિદ્યાર્થી દ્વારા મોટેથી વંચાતા પાઠની કસોટી લેવી.

139. પૃચ્છાધારિત અધ્યયન (Enquiry Based Learning - EBL) શું હોય છે ?

(1) શિક્ષક વિદ્યાર્થીને કૃતિ આપી અધ્યયનમાં સુવિધા ઉપલબ્ધ કરાવે છે.

(2) તાલીમાર્થી પૂછપરછનો વિષય જાતે જ નક્કી કરે છે.

(3) ઉપરના (1) અને (2) બન્ને

(4) ફક્ત (2)

140. નીચેનું વિધાન વાંચો :

'કર ભરવામાં કર કંપે છે' અહીં કયો અલંકાર છે ?

(1) શ્લેષ

(2) ઉપમા

(3) ઉત્પ્રેક્ષા

(4) વ્યાજસ્તુતિ

141. મોનાના ડ્રાઈવીંગમાં હજુ <u>સુધારણાને ઘણો અવકાશ છે.</u>

અધોરેખિત વાક્યપ્રયોગ શું દર્શાવે છે ?

(1) મોનાની ડ્રાઈવીંગ અંગેની કલ્પના

(2) કાળજીપૂર્વક ડ્રાઈવીંગ કરવાનું પ્રતીક

(3) મોનાના નબળા ડ્રાઈવીંગનો નિર્દેશ

(4) મોનાના પહેલાના અને અત્યારના ડ્રાઈવીંગની તુલના

142. 'પ્રિ-રીડીંગ' તાસ દરમ્યાન વાચન-સામગ્રીના ઉપયોગ વિના થતી ચર્ચા કયા સિદ્ધાંત સાથે જોડાયેલી છે ?

(1) જનરેટિવ ટ્રાન્સફોર્મેશનલ એપ્રોચ

(2) રેસિયસ મેથડ

(3) ગ્રામર-ટ્રાન્સલેશન મેથડ

(4) ઓડિયો-લિંગ્વલ મેથડ

143. નીચેનામાંથી યોગ્ય વિરામચિહ્નોવાળું વાક્ય શોધો :

(1) અરે થોભો, દરવાજો તો બંધ છે ક્યારે ખુલશે ?

(2) અરે, થોભો, દરવાજો તો બંધ છે ! ક્યારે ખુલશે ?

(3) અરે ? થોભો ! દરવાજો તો બંધ છે, ક્યારે ખુલશે,

(4) અરે ! થોભો ? દરવાજો તો બંધ છે ક્યારે ખુલશે.

144. સામાન્ય અને વિશેષ શિક્ષણ વચ્ચે ભેદ ન પાડનારી શાળાઓને કહેવામાં આવે છે

(1) વિશેષ (Specialised)

(2) એક્સક્લુઝિવ (Exclusive)

(3) પ્રમાણિત (Standard)

(4) સમાવી શકે તેવું (Inclusive)

145. શિક્ષક સત્રના અંતે પરિચ્છેદના શ્રવણ, કથન, વાચન અને લેખનની કસોટી લે છે. આ મૂલ્યમાપનનો ઉદ્દેશ છે

(1) વિદ્યાર્થીના ભાષાશિક્ષણની અભિરુચિ તપાસવાનો

(2) શિક્ષકને પ્રવૃત્તિઓના હેતુઓની સ્પષ્ટતા કરી આપવાનો

(3) વિદ્યાર્થીની સમગ્ર ક્ષમતા ચકાસવાનો

(4) વિદ્યાર્થીનો ભાષા પ્રત્યેનો દૃષ્ટિકોણ નિશ્ચિત કરવાનો

146. ઈ-અધ્યયન (E-learning) એટલે

(1) દૂરગામી શિક્ષણ

(2) સક્રિય રહીને એકાત્મતા કરનાર હાર્ડવેર (Actively integrating hardware)

(3) બ્લેન્ડેડ લર્નિંગ યુઝિંગ ટેકનોલોજી (Blended learning using technology)

(4) માહિતી ચિત્રપટ (Film documentaries)

**147.** જો શિક્ષક ગુજરાતીના પાઠવાચનમાં પ્રમાણભૂત સામગ્રીનો પ્રયોગ કરવા માગે તો નીચેનામાંથી શેના સિવાયની સામગ્રી ઉપયોગી થશે ?

(1) ગુજરાતી વર્તમાનપત્ર

(2) મોઢેરા સૂર્યમંદિર પરના અંગ્રેજી અખબારમાં પ્રગટ થયેલા લેખનો ગુજરાતી અનુવાદ

(3) ગુજરાતની કોઈ કંપનીનું ગુજરાતીમાં લખાયેલું નોકરી માટેનું આવેદન

(4) અમદાવાદના શેરીનામોના ફોટા

**148.** શબ્દરહિત સંજ્ઞાપન એટલે

(1) બોલાયેલા શબ્દ

(2) હાવભાવ

(3) સંખ્યા

(4) મુદ્રિત શબ્દો

**149.** સહભાગી જૂથ શિક્ષણ (Co-operative group learning) સાથે સામાન્ય રીતે નીચેનામાંથી શેના સિવાયના ઘટકો ફાયદાકારક છે ?

(1) વર્ગખંડમાં વિદ્યાર્થીઓને તાલીમ માટે વધુ સમય

(2) શાંત, સુવ્યવસ્થિત વર્ગખંડ

(3) શિક્ષકકેન્દ્રી શિક્ષણનો વિકલ્પ

(4) હતોત્સાહ થયેલા વિદ્યાર્થીઓને પ્રેરક બનીને કે સહયોગથી સાંકળવા

**150.** વાચનમાં ધારણા કૌશલ્ય નીચેનામાંથી શેને સાંકળે છે ?

(1) પરિચ્છેદમાં આપેલા વાચનઘટકો દ્વારા અકથિત ઘટકોને

(2) વાચનસામગ્રીના વિવિધ વિભાગોમાં રહેલા માહિતી ઘટકોને

(3) વાચનસામગ્રીમાંથી ઉત્પન્ન થતી માહિતી સંબંધી ધારણાઓને

(4) અપરિચિત શબ્દોની અર્થપ્રાપ્તિની પ્રક્રિયાને

## SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લૂ/કાળાં બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
2. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારિત જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
3. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
4. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
5. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
6. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
7. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
8. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
9. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
10. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
11. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
12. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે.** ***પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

**READ CAREFULLY THE FOLLOWING INSTRUCTIONS:**

1. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with Blue/Black Ball Point Pen on Side-2 of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
2. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
3. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
4. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
5. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/ room.
6. Each candidate must show on demand his / her Admission Card to the Invigilator.
7. No candidate, without special permission of the Superintendent or Invigilator, should leave his / her seat.
8. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet a second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case.
9. Use of Electronic / Manual Calculator is prohibited.
10. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
11. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
12. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Room / Hall. *The candidates are allowed to take away this Test Booklet with them.***

**निम्नलिखित निर्देश ध्यान से पढ़ें :**

1. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के पृष्ठ-2 पर केवल एक वृत्त को ही पूरी तरह नीले/काले बॉल पॉइन्ट पेन से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
2. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
3. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
4. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
5. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश कार्ड के सिवाय किसी प्रकार की पाठ्य सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
6. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-कार्ड दिखाएँ ।
7. अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
8. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा ।
9. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
10. परीक्षा-हॉल में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
11. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
12. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी कक्ष / हॉल छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । *परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।***

SEAL